**તા.૦૧-૦૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના.**
**(New Defined Contribution Pension Scheme).**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
સુધારા ઠરાવ ક્રમાંક :- નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧-૨-૨૦૦૭

**વંચાણે લીધા** :- (૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:- નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તા.૧૮-૦૩-૨૦૦૫.
(૨) નાણામંત્રાલય (આર્થિક બાબતો) ભારત સરકાર, નવી દિલ્હી નો હુકમ ક્રમાંક :- જીઆઇએમએફસીજીએએફ નં. ૧(૭)(૨)૨૦૦૩-ટીએ-૨૪૫, તા.૨૦-૦૪-૨૦૦૪.
(૩) નાણા વિભાગ નો સુધારા ક્રમાંક:- નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તા.૦૬-૦૯-૨૦૦૫

આમુખ (૩) માં જણાવેલ તા.૦૬-૦૯-૨૦૦૫ ના હુકમથી તા.૦૧-૦૪-૨૦૦૫ પહેલા રાજ્ય સરકારની સેવામાં ચાલુ હોય અને તા.૦૧-૦૪-૨૦૦૫ પછી સીધી ભરતીથી રાજ્ય સરકારની નવી સેવામાં જોડાય તો તેવા કર્મચારીને જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે.

પરંતુ ભારત સરકારની કે અન્ય રાજ્ય સરકારની પેન્શનપાત્ર સેવામાંથી તા.૦૧-૦૪-૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ રાજ્ય સરકારની સેવામાં સીધી ભરતીથી નિમણુંક થયેલ કર્મચારીઓ/અધિકારીઓને જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ. ભારત સરકારની કે અન્ય રાજ્યોની સેવામાંથી છુટા થયેલ અને રાજ્ય સરકારમાં સીધી ભરતીથી તા.૦૧-૦૪-૨૦૦૫ ના રોજ કે ત્યાર પછી નિમણુંક પામેલ કર્મચારીઓને આમુખ (૧) માં જણાવેલ તા.૧૮-૦૩-૨૦૦૫ના ઠરાવ મુજબ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

આ ઠરાવનો અમલ તા.૦૧-૦૪-૨૦૦૫ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બી. સી. પટેલ**
ઉપ સચિવ (પેન્શન),
નાણા વિભાગ.

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
  તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો.
  નાણાવિભાગના તમામ અધિકારીશ્રીઓ / તમામ શાખાઓ. (નાણાશાખા સહિત).
  તમામ કલેકટરશ્રીઓ / તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (હિસાબ અને તકેદારી), રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૧), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૨), ગુજરાત, પો.કો.નં.૨૭, રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ.), રાજકોટ / અમદાવાદ.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા / વડોદરા.
  તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  તમામ ખાતાના વડા / તમામ કચેરીઓના વડા.
  તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનિર્વસીટીઓ અને જાહેર સાહસો.
  સર્વે માન્ય મંડળ. (પંચાયત સેવાના એસોસીએશનો સહિત).
  પસંદગી ફાઇલ, પી- શાખા, નાણા વિભાગ.

-------------------------

o પત્ર દ્વારા.